Upload National MIDDAY News 25-11-2024 at 1.20-1.30 PM-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-11-2024 MIDDAY : 1.20 to 1.30
Day : Monday National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1) વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહની કામગીરી મોકૂફ – લોકસભા બુધવાર સવાર સુધી અને રાજ્યસભા આજના દિવસ સુધી સ્થગિત
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પત્રકારો સાથે વાતચીત કરતાં સંસદનું શિયાળું સત્ર રચનાત્મક રહેવાની આશા વ્યક્ત કરી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે વૈશ્વિક સહકાર સંમેલનનું ઉદ્ઘાટન કરશે.
4) RBIએ જણાવ્યું કે, ભારત પરિવર્તનલક્ષી ફેરફાર માટે ડિજિટલ ટેક્નૉલોજીનો લાભ ઉઠાવવામાં વિશ્વમાં અગ્રણી દેશ
5) ઉત્તરપ્રદેશમાં કાર અને ખાનગી બસનો અકસ્માત થતાં 5નાં મોત, ચાર લોકો ઈજાગ્રસ્ત થયા.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOKSABHA

સંસદનુ શિયાળુ સત્રનો આજથી આરંભ થયો હતો. સવારે અગિયાર વાગે લોકસભાની કાર્યવાહી શરૂ થઇ હતી. સત્રના પહેલા દિવસને પરંપરા અનુસાર બે વર્તમાન લોકસભાના સાંસદ અને ત્રણ પૂર્વ સાંસદોના નિધન પર શોક ઠરાવ પસાર કરીને સદગત સભ્યોને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી હતી અને ગૃહની કામગીરી બાર વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. જોકે બપોરના બાર વાગ્યે ગૃહની કામગીરીનો પ્રારંભ થતા જ વિપક્ષોએ હોબાળો મચાવ્યો હતો જેને કારણે અધ્યક્ષે ગૃહની કામગીરી 27મી નવેમ્બરને બુધવાર સવારે અગિયાર વાગ્યા સુધી મુલતવી રાખી દીધી હતી.

આવતીકાલે બંધારણ દિવસના ઉપલક્ષ્યમાં સંસદમાં વિવિધ કાર્યક્રમોને કારણે આવતીકાલે ગૃહની કામગીરી થશે નહીં.

# RS-ADJOURN

સંસદના શિયાળુ સત્રની  આજથી શરૂઆત થઈ છે. જ્યારે અદાણી જૂથ સામે કથિત લાંચના આરોપો અંગે વિપક્ષના હોબાળા બાદ રાજ્યસભા આજના દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે. રાજ્યસભાનું સત્ર પ્રથમ સ્થગિત કર્યા બાદ ફરી મળ્યું ત્યારે અધ્યક્ષ જગદીપ ધનખડે વિપક્ષી સભ્યોને ગૃહને સામાન્ય રીતે ચાલવા દેવા અપીલ કરી હતી. પરંતુ ભારે શોરબકોર થતાં તેમણે ગૃહની કાર્યવાહી  દિવસ માટે સ્થગિત કરી હતી. અગાઉ, જ્યારે સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે આજે સવારે ગૃહની બેઠક મળી, ત્યારે ગૃહે આજે તેના છ ભૂતપૂર્વ  સદગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપી હતી.

# LS OUTSIDE

સંસદની સંયુક્ત સમિતિ - JPCના સભ્ય એવા વિપક્ષી સાંસદો આજે વક્ફ સુધારા ખરડો 2024 મામલે આજે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને તેમની કચેરીમાં મળ્યા હતા.

માધ્યમો સાથે વાત કરતાં તૃણમુલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનરજીએ કહ્યું, JPCના અધ્યક્ષ વિપક્ષના સભ્યોની વાત નથી સાંભળી રહ્યા અને ઝડપથી અહેવાલ ન આપી શકાય. આ બંને મુદ્દા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને જણાવવામાં આવ્યા છે. શ્રી બેનરજીએ ઉંમેર્યું, લોકસભા અધ્યક્ષે વિપક્ષના સભ્યોને અહેવાલ સુપરત કરવાનો સમય લંબાવવા આશ્વાસન આપ્યું હતું.

## PM PARLIAMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંસદનું આ શિયાળું સત્ર ફળદાયી, રચનાત્મક ચર્ચાઓથી ભરેલું રહેવાની આશા વ્યક્ત કરી છે. સંસદ સત્ર પેહલા માધ્યમો સાથે વાત કરતા શ્રી મોદીએ કહ્યું, ‘બંધારણ અપનાવ્યાને 75 વર્ષ પૂર્ણ થયા સહિતના અનેક કારણોસર આ સત્ર મહત્વનું છે.’ તેમણે કહ્યું, આ લોકશાહી માટે ગૌરવપૂર્ણ સીમાચિહ્ન છે.

દરમિયાન શ્રી મોદીએ વિપક્ષ પર પ્રહાર પણ કર્યા હતા. તેમણે કહ્યું કે, ‘સંસદના સમયનો ઉપયોગ દેશની પ્રતિષ્ઠાને વધારવા કરવો જોઈએ. શ્રી મોદીએ કહ્યું, ‘દેશની સંસદમાંથી એક સંદેશ નીકળવો જોઈએ કે, દેશના મતદારો, લોકશાહી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા, બંધારણ પ્રત્યે તેમનું સમર્પણ અને સંસદીય પ્રક્રિયાઓમાં તેમની શ્રદ્ધાસાર્થક છે અને આપણે આ પ્રસંગને આગળ વધારવો જોઈએ.’

(બાઈટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

## PM COOPERATIVE CONFERENCE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આંતર-રાષ્ટ્રીય સહકાર ગઠબંધન- I.C.A.ના વૈશ્વિક સહકાર સંમેલનનું ઉદ્ઘાટન કરશે. આંતર-રાષ્ટ્રીય સહકાર ગઠબંધનના 130 વર્ષના ઇતિહાસમાં પેહલી વાર વૈશ્વિક સહકાર સંમેલન અને સામાન્ય સભા ભારતમાં યોજાઈ રહી છે.**

**આ પ્રસંગે શ્રી મોદી આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ 2025 પર સ્મારક ટપાલ ટિકિટ જાહેર કરશે. સંમેલનમાં ભૂતાનના પ્રધાનમંત્રી દાશો શેરિન્ગ તોબગે અને ફિઝીના નાયબ પ્રધાનમંત્રી મનોઆ કામિકામિકા પણ ઉપસ્થિત રહેશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, ખેડૂતો માટેની સહકારી સંસ્થા ઇફ્કો આઈસીએ, ભારત સરકાર અને સહકારી સંસ્થાઓ અમૂલ તથા કૃભકોના સહયોગથી વૈશ્વિક સંમેલન યોજાઈ રહ્યું છે.**

## NATIONAL MILK DAY

ભારતમાં શ્વેત ક્રાંતિના પિતા તરીકે ઓળખાતા ડૉ. વર્ગીસ કુરિયનની 103મી જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ પશુધન અને ડેરી ક્ષેત્રના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કાર એનાયત કરશે. આ મેગા ઈવેન્ટમાં ખેડૂતો, દૂધ સંઘો અને ડેરી સહકારી સહિત દેશવ્યાપી સહભાગિતા જોવા મળશે.

## MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## RBI UPI

ભારતીય રિઝર્વ બેન્કે જણાવ્યું કે, ભારત પરિવર્તનલક્ષી ફેરફાર માટે ડિજિટલ ટેક્નૉલોજીનો લાભ ઉઠાવવામાં વિશ્વમાં અગ્રણી બનીને આગળ આવ્યું છે. એટલે એકીકૃત ચૂકવણી પદ્ધતિ- UPIનું આંતર-રાષ્ટ્રીયકરણ ઝડપતી આગળ વધી રહ્યું છે. બેન્કના જણાવ્યા અનુસાર, UPIની ક્ષમતાઓમાં સુધારણાની સાથે ઑક્ટોબરમાં UPIના માધ્યમથી 16.6 અબજના વ્યવહાર થયા, જે મહત્વપૂર્ણ છે. આમાં 86 ટકા સુધીની ચૂકવણીઓનું તાત્કાલિક સફળ રિફંડ સામેલ છે.

રિઝર્વ બેન્કના નાયબ ગવર્નર માઈકલ દેબબ્રત પાત્રાએ કહ્યું કે, ભારતનું UPI, એક ખૂલ્લી પ્રણાલી છે, જેમાં જોડાયેલી કોઈ પણ બેન્કની એક જ મૉબાઈલ એપ્લિકેશનમાં અનેક બેન્ક ખાતાના ઉપયોગની સુવિધા મળે છે. તેના માધ્યમથી અલગ-અલગ બેન્કો વચ્ચે એકબીજાની સાથે અને લોકોનો વેપારીઓ વચ્ચે લેવડદેવડની પ્રક્રિયા સરળતાથી આગળ વધી રહી છે. શ્રી પાત્રાના મતે, ડિજિટલ ક્રેડિટના ક્ષેત્રમાં એકાઉન્ડ એગ્રીગેટર, ઓસીઈએન અને ઓએનડીસી પર નાણાકીય સેવાઓ જેવી નવીનતાઓમાં પણ ઉત્પાદકતા વધારવામાં યોગદાન આપ્યું છે.

## SAMVIDHAN-PADYATRA

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં હમારા સંવિધાન હમારા સ્વાભિમાન પદયાત્રામાં ભાગ લીધો હતો. આવતીકાલે ઉજવવામાં આવનારા બંધારણ દિવસ પૂર્વે, ભારતીય બંધારણને

અપનાવવાની ઉજવણી કરવા અને તેના સ્થાપકોની દ્રષ્ટિને માન આપવા આજે પદયાત્રાનું આયોજન કરાયું હતું.

કેન્દ્રીય મંત્રીઓ પીયૂષ ગોયલ, અર્જુનરામ મેઘવાલ, કિરેન રિજિજુ, ગજેન્દ્રસિંહ શેખાવત, રક્ષા ખડસે સહિત સંસદસભ્યો અને ઓલિમ્પિકના ખેલાડીઓ પદયાત્રામાં જોડાયા હતા. આ પદયાત્રામાં MY ભારત, નેહરુ યુવા કેન્દ્ર સંગઠન, રાષ્ટ્રીય સમાજ સેવા, રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ, ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સના સ્વયંસેવકોએ પણ ભાગ લીધો હતો.

## SHAH - COOPERATIVE MOVEMENT

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, ભારત સહકારી ચળવળમાં વિશ્વને નવો રાહ ચિંધી રહ્યું છે. રાષ્ટ્રીય દૈનિકોમાં લખેલા લેખમાં, શ્રી શાહે જણાવ્યું કે, સહકારી ક્ષેત્ર માત્ર આર્થિક રીતે મહત્વાકાંક્ષી વ્યક્તિઓને સમૃદ્ધ કરવા માટે જ નહીં, પરંતુ તેમને અર્થતંત્રની મુખ્યધારામાં સામેલ કરવા પણ જાણીતું છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મંત્ર, 'સહકાર સે સમૃદ્ધિ'નો હેતુ દેશની સહકારી સંસ્થાઓને આત્મનિર્ભર અને મજબૂત બનાવવાનો છે. નજીવી બચત અને ઓછી મૂડી ધરાવતા લોકો માટે સહકારી ચળવળ આશીર્વાદરૂપ છે.

## UP HARDOI ACCIDENT

ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લામાં આજે સવારે કાર અને ખાનગી બસ વચ્ચે અકસ્માત સર્જાતા પાંચ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અધિક પોલીસ અધિક્ષક પૂર્વી નૃપેન્દ્ર કુમારે જણાવ્યું કે, મલ્લાવાં વિસ્તારમાંથી માહિતી મળી હતી કે, ગોરાઈ ચાર રસ્તા પાસે એક કાર લગ્ન

સમારોહથી પરત આવી રહી હતી. દરમિયાન કારચાલકે કાબૂ ગુમાવતા કાર જાનૈયાઓ ભરેલી બસ સાથે અથડાઈ ગઈ હતી. બંને વાહનોની ટક્કરના કારણે પાંચ લોકોના મોત નીપજ્યા છે.

સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. દરમિયાન ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં દાખલ કર્યા બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## GOA - ST. FRANCIS XAVIER

ગોવાના બેસિલિકા ઓફ બોમ જીસસ ચર્ચ ખાતે સ્પેનિશ મિશનરી સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના પવિત્ર અવશેષો નિહાળી શકાશે. 21 મી નવેમ્બરથી શરૂ થયેલું સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના પવિત્ર અવશેષોનું 18મું પ્રદર્શન 5 મી જાન્યુઆરી 2025 સુધી નિહાળી શકાશે. દાયકામાં એકવાર યોજાતા આ પ્રદર્શનમાં ભારત અને વિદેશમાંથી હજારો યાત્રાળુઓ ભાગ લે છે. ઉલ્લેખનીય છે કે સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના નશ્વર અવશેષો 1624 થી અહી સચવાયેલા છે.

ચર્ચ સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે 45-દિવસના આ કાર્યક્રમ દરમિયાન 8 મિલિયનથી વધુ લોકો અહી આવે તેવી શક્યતા છે.

## CRICKET MATCH AUSTRALIA INDIA

પર્થમાં ચાલી રહેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચનાં ચોથા દિવસે ભારતે ઓસ્ટ્રેલિયાને 295 રને હાર આપી છે. ઓસ્ટ્રેલિયા બીજી ઇનિંગમાં 238 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતે ઓસ્ટ્રેલિયાને જીત માટે 534 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જસપ્રિત બુમરાહ અને સિરાઝે બીજી ઇનિંગમાં બે-બે વિક્ટો લીધી હતી.

ઓસ્ટ્રેલિયાની ટીમે આજે બીજી ઇનિંગમાં ત્રણ વિકેટે 12 રનથી આગળ રમવાનું ચાલુ કર્યું હતું. ગઇ કાલે ત્રીજા દિવસે રમત પૂરી થતાં પહેલાં ભારતીય બોલરોએ ફટાફટ વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાને મોટો ફટકો આપ્યો હતો. કેપ્ટન જસપ્રીત બુમરાહે નાથન મેક્સવિની અને માર્નસ લાબુસેને પેવેલિયનમાં મોકલ્યા હતા, જ્યારે મોહમ્મદ સિરાજે પેટ કમિન્સને આઉટ કર્યો હતો.

અગાઉ, વિરાટ કોહલી અને યશસ્વી જયસ્વાલે બીજી ઇનિંગમાં ભારતનો સ્કોર છ વિકેટે 487 રન સુધી પહોંચાડી દીધો હતો.